# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

***************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુરોપિયન સંઘ સાથે સંબંધોને મજબૂત બનાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી**

2) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ન્યાય આધારિત, વિકસિત ભારતને આકાર આપવામાં ન્યાય સહાયક વિજ્ઞાનની ભૂમિકા પર ભાર મૂક્યો**

3) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું, ગેરકાયદેસર ઘુસણખોરોનો મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો હોવાથી તેની સાથે કડક અભિગમ અપનાવાશે**

4) **ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં દેશનો કુલ સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિ દર 6.2 ટકા રહ્યો**

5) **ઉત્તરાખંડના ચમોલીના માના ગામ નજીક બરફના ભારે તોફાનમાં ફસાયા 57 પૈકી 16 લોકોને સુરક્ષિત બચાવાયા – બચાવ કાર્ય ચાલુ**

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# REV. EVE PREZ EU – INDIA-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં યુરોપિયન પંચનાં અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટ દરમિયાન વેપાર, રોકાણ, ટેકનોલોજી અને નવીનતા, સ્વચ્છ અને હરિયાળી ઊર્જા અને સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

એક સંયુક્ત નિવેદનમાં શ્રી મોદીએ કહ્યું, બંને પક્ષ વચ્ચે બે દાયકા જૂની વ્યૂહાત્મક ભાગીદારીના મૂળમાં લોકશાહી મૂલ્યોમાં પરસ્પર શ્રદ્ધા,પ્રગતિ અને સમૃદ્ધિ પ્રત્યે પ્રતિબદ્ધતા રહેલી છે. તેમણે કહ્યું, ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે ભાગીદારીને વિસ્તૃત અને મજબૂત બનાવવા અનેક નિર્ણય લેવાયાં છે. વેપાર, ટેકનોલોજી, રોકાણ, નવીનતા, ગ્રીન ગ્રોથ, સુરક્ષા, કૌશલ્ય અને ગતિશીલતા પર સહયોગ માટે એક માળખું તૈયાર કરાયું હોવાનું શ્રી મોદીએ જણાવ્યું.

પ્રધાનમંત્રીએ કહ્યું, કનેક્ટિવિટી વધારવા ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર તરફ નક્કર પગલાં લેવાશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ કોરિડોર વૈશ્વિક વાણિજ્ય, ટકાઉ વિકાસ અને સમૃદ્ધિને આગળ વધારવા એક એન્જિન સાબિત થશે....1

(બાઈટ - નરેન્દ્ર મોદી કોરિડોર)

# REV. EVE PREZ EU – INDIA-2

સાયબર સુરક્ષા, દરિયાઈ સુરક્ષા અને આતંકવાદ વિરોધી કાર્યવાહી પર સહયોગ વધુ વધારવા શ્રી મોદીએ પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું ઇન્ડો પેસિફિક મહાસાગર પહેલમાં જોડાવાના યુરોપિયન સંઘના નિર્ણયનું ભારત સ્વાગત કરે છે.

(બાઈટ - નરેન્દ્ર મોદી, ગ્રીન ઉર્જા)

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, શૈક્ષણિક, સંશોધન અને ઉદ્યોગ ભાગીદારીને વધારવા બંને પક્ષ વચ્ચે નવા કરાર પર હસ્તાક્ષર કરાયાં છે. શ્રી મોદીએ કહ્યું, ભારત યુરોપિયન સંઘની નવી વિઝા "કાસ્કેડ" વ્યવસ્થાનું સ્વાગત કરે છે.

શ્રીમતી લેયેને કહ્યું, ભારત યુરોપની સમાન વિચારધારા ધરાવતો મિત્ર દેશ છે અને બંને વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશ છે. તેમણે કહ્યું, બંને દેશ સહિયારા વિશ્વાસ અને મૂલ્યોથી બંધાયેલા છે. તેમણે ઉમેર્યું બંને પક્ષ એક નવા વ્યૂહાત્મક એજન્ડા પર કામ કરવા સંમત થયા છે, જેમાં આર્થિક વિકાસનો સમાવેશ થાય છે.

શ્રીમતી લેયેન ગઈકાલે 22 યુરોપિયન સંઘ કમિશનર સાથે ભારતની બે દિવસીય મુલાકાતે દિલ્હી પહોંચ્યાં હતાં.

. . . . . . . . . . . . . . . . .

# PREZ NFSU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ન્યાય આધારિત, વિકસિત ભારતને આકાર આપવામાં ન્યાયસહાયક વિજ્ઞાનની ભૂમિકા પર ભાર મુક્યો છે. આજે ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- NFSUના ત્રીજા પદવીદાન સમારોહને સંબોધિત કરતાં શ્રીમતી મુર્મૂએ ભારતીય વારસાને આધુનિકતા સાથે જોડનારા અને તમામ લોકોને ન્યાય સુનિશ્ચિત કરનારા વિકસિત ભારતના દ્રષ્ટિકોણ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

શ્રીમતી મુર્મૂએ વિજ્ઞાન અને ટૅકનોલૉજીના માધ્યમથી ઝડપી તેમ જ સુલભ ન્યાયપ્રક્રિયા માટે વિદ્યાર્થીઓને પ્રવૃત્ત થવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત તેમણે ગુનાઓના બદલાતા સ્વરૂપને ધ્યાને રાખી સમયસર ન્યાય અપાવવામાં ન્યાયસહાયક વિજ્ઞાનના વધતા મહત્વ પર પણ ભાર મુક્યો.

(બાઈટઃ દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુનેગારોને પકડવામાં અને ન્યાયાલયમાં ગુનાને સાબિત કરવામાં ન્યાયસહાયક વિજ્ઞાનની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .

# PREZ KUTCH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી 2 દિવસ ગુજરાતનાં કચ્છનાં પ્રવાસે છે. આજે તેમણે સૌથી પહેલાં ભુજના સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલયની મુલાકાત લીધી. સ્મારકની મુલાકાત દરમિયાન વિનાશક ધરતીકંપ બાદ કચ્છ કેવી રીતે ફરી બેઠું થયું તે અંગે શ્રીમતી મુર્મૂને માહિતગાર કરાયાં હતાં.

ઉપરાંત રાષ્ટ્રપતિશ્રીએ વિશ્વના સૌથી મોટા ભૂકંપ સિમ્યુલેટર પર વર્ષ 2001માં આવેલા ધરતીકંપ વખતે આવેલા આંચકાઓનો અનુભવ પણ કર્યો હતો. ત્યારબાદ શ્રીમતી મુર્મૂએ ધોરડો ખાતે વણાટ કળા, રોગન કળા અને ભરત કામના કારીગરો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો. રોગન કળાના કારીગર પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રીએ રાષ્ટ્રપતિ સાથેની મુલાકાતને યાદગાર ગણાવી.

. . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH - MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોના પ્રવેશ અને તેમના વસવાટને સરળ બનાવતા સમગ્ર નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે કહ્યું કે ગેરકાયદેસર ઘુસણખોરોનો મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો છે અને તેની સાથે કડક અભિગમ અપનાવવો જોઈએ, તથા ઘુસણખોરોને ઓળખી તેમના દેશનિકાલ કરવો જોઈએ.

શ્રી શાહે આજે નવી દિલ્હીમાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, ગૃહમંત્રી આશિષ સૂદ, પોલીસ કમિશનર અને વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી.

સમીક્ષા બેઠકમાં એવો નિર્દેશ આપવામાં આવ્યો હતો કે દિલ્હી સરકાર 2020 ના દિલ્હી રમખાણોના કેસોના ઝડપી નિકાલ માટે ખાસ સરકારી વકીલોની નિમણૂક કરે. શ્રી શાહે દિલ્હી પોલીસને ટ્રાફિક જામ થાય તેવા સ્થળો ઓળખવા અને સમસ્યાનું નિરાકરણ શોધવા જણાવ્યું જેથી જનતાને રાહત મળી શકે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# INDIA-GDP

ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં દેશનો કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) વૃદ્ધિ દર 6.2 ટકા રહ્યો છે જે અગાઉના ક્વાર્ટરમાં 5.6 ટકા હતો. આ રીતે, ભારતે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે પોતાનાં સ્થાનને જાળવી રાખ્યું છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં દેશે 8.6 ટકાનો વિકાસદર નોંધાવ્યો હતો. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા પ્રથમ સુધારેલા અંદાજ મુજબ, નાણાકીય વર્ષ 2024-25માં વાસ્તવિક GDP 6.5 ટકા વધવાનો અંદાજ છે. મંત્રાલયે કહ્યું છે કે નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન વાસ્તવિક વૃદ્ધિ દર 9.2 ટકા નોંધાયો હતો, જે કોવિડ પછીના નાણાકીય વર્ષ 2022 સિવાય છેલ્લા 12 વર્ષમાં સૌથી વધુ છે. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન 'મેન્યુફેક્ચરિંગ' ક્ષેત્રે 12.3 ટકા, બાંધકામ ક્ષેત્રે 10.4 ટકા અને 'નાણાકીય, રિયલ એસ્ટેટ અને વ્યવસાયિક સેવાઓ' ક્ષેત્રે બે આંકડાની વૃદ્ધિ નોંધાવી છે.

. . . . . . . . . . . . . . . . . .

# UTTARAKHAND - GLACIER OUTBURST

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માના ગામ નજીક 57 કામદારો બરફના ભારે તોફાનમાં ફસાઈ ગયા હતા. તેમાંથી 16 લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે ભારત-તિબેટીયન બોર્ડર ફોર્સ, NDRF, SDRF, ભારતીય ભૂમિદળ અને હવાઈદળ ફસાયેલા કામદારોને શોધવા અને બચાવવા માટે રાહત કામગીરીમાં રોકાયેલા છે. ભારે હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે રાહત કાર્યમાં અવરોધ આવી રહ્યો છે. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ માહિતી આપી હતી

(બાઇટ - મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી)

દરમિયાન, ચમોલી જિલ્લા કલેકટર સંદીપ તિવારીએ કહ્યું છે કે વાવાઝોડાને કારણે સંદેશાવ્યવહાર સેવાઓ ખોરવાઈ ગઈ છે, જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ આવી રહી છે. ભારતીય સેનાની એક વિશેષ બચાવ ટીમ, જેમાં 07 અધિકારીઓ, 17 જુનિયર કમિશન્ડ ઓફિસર અને 150 જવાનોનો સમાવેશ થાય છે, સતત રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા છે. ઘટનાસ્થળે ડોક્ટરોની એક ટીમ પણ તૈનાત છે.

. . . . . . . . . . . . . . . . .

# MAHA-FIRE

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના અલીબાગના દરિયાકાંઠે આજે સવારે માછીમારી કરતા એક જહાજમાં આગ લાગવાથી કુલ 18 લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. અકસ્માતની માહિતી મળ્યા બાદ ભારતીય નૌકાદળ, કોસ્ટ ગાર્ડ અને રાયગઢ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને તમામ 18 લોકોને સુરક્ષિત રીતે બચાવી કિનારા પર લાવવામાં આવ્યા.

. . . . . . . . . . . . . . . . . .

# NEPAL-EARTHQUAKE

નેપાળના સિંધુપાલચોક જિલ્લામાં આજે 6.1 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. કાઠમંડુ ખીણ અને આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર અનુસાર, ભૂકંપનું કેન્દ્ર સિંધુપાલચોકના ભૈરવ કુંડ ખાતે હતું.

. . . . . . . . . . . . . . . . . .

# REV PAKISTAN BLAST

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આજે એક મસ્જિદમાં નમાજ દરમિયાન થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં પાંચ લોકોના મોત થયા છે અને અન્ય 20 ઇજાગ્રસ્ત થયા છે. નમાજ પૂર્ણ થયા બાદ આત્મઘાતી હુમલાખોરે મસ્જિદના મુખ્ય હોલમાં વિસ્ફોટ કર્યો હતો. આ વિસ્ફોટમાં જમિયત ઉલેમા-એ-ઇસ્લામ જૂથના વડા હમીદુલ હક હક્કાનીનું મોત થયું હતું. બચાવ ટીમ દ્વારા  મૃતદેહોને બહાર કાઢ્યા અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ દાખલ કરાયા છે. નૌશેરા અને પેશાવરની હોસ્પિટલોમાં કટોકટી જાહેર કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . .

# TENNIS- CHILE OPEN

ચિલી ઓપન ટેનિસમાં પુરુષ ડબલ્સની સેમિફાઇનલમાં આજે ભારતના ઋત્વિક ચૌધરી બોલીપલ્લી અને કોલંબિયાના નિકોલસ બેરિએન્ટોસની જોડીનો મુકાબલો આર્જેન્ટિનાના ગુઇડો એન્ડ્રેઓઝી અને ફ્રાન્સના થિયો એરિબ્સ સામે થશે.

આ પહેલા બોલિપ્પલ્લી અને બેરિએન્ટોસે ક્વાર્ટર ફાઇનલમાં બ્રાઝિલની જોડી માર્સેલો ડેમોલાઇનર અને માર્સેલો જોરમેનને 3-6, 7-6, 10-8થી પરાજય આપ્યો હતો. જ્યારે, ત્રીજા ક્રમાંકિત એન્ડ્રેઓઝ અને એરિબેઝે બ્રાઝિલના ઓર્લાન્ડો લુઝ અને ફ્રાન્સના ગ્રેગોઇર જેકને 7-6, 6-3થી પરાજય આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .